છગનલાલ મોતીરામ શાહ કૃત.

સુરત જિલ્લાનો

“ભૂગોળ શિક્ષક”

ગુજરાતની સા૦ ભૂગોળની પ્રશ્નોત્તરમાળા ત્રણ આના



સર્વ હક્ક સ્વાધીન

ફેબ્રુઆરિ સને ૧૯૨૯.

સુરત જિલ્લાનો નકશો પાંચ આના.

છગનલાલ મોતીરામ શાહ.

‘મુખગણિત શિક્ષક’ વગેરેના કર્તા. શાહપોર-સુરત.

કિંમત રૂ. ૦-૩-૦ પોસ્ટેજ જુદું.

ગુજરાત શાળાપત્રમાં આપેલી સૂચનાને

—: અનુસરી રચેલો :—

સુરત જિલ્લાનો

"ભૂગોળ શિક્ષક"

રચનાર—છગનલાલ મોતીરામ શાહ.

"મુખગણિત શિક્ષક" વગેરેના કર્તા,

રચનારનું ઠેકાણું-શાહપોર-સુરત.

પ્રસિદ્ધ કર્તા—છગનલાલ મોતીરામ શાહ.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું-શાહપોર-સુરત.

છાપનાર—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.

છાપવાનું ઠેકાણું-"શંકર" પ્રીન્ટીંગ પ્રેસ ચૌટાના પુલ ઉપર-સુરત.

સંવત ૧૯૮૫] [સને ૧૯૨૯

કિંમત ત્રણ આના. પોસ્ટેજ જુદું.

ગુજરાતની સામાન્ય ભૂગોળની પ્રશ્નોત્તરમાળા વિષે અભિપ્રાય.

શ્રીયુત ભાઇચંદ પુંજાદાસ શાહ.

મહીકાંઠા એજન્સિની ભૂગોળ વગેરેના કર્તા:

પોતાના તા. ૧૫-૭-૧૫ના પત્રમાં લખે છે કે:—

"ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓને ગુજરાતની ભૂગોળ શીખવા તથા શીખવવા માટે શિષ્ય શિક્ષક બંનેને આ પુસ્તક સાધન રૂપ છે, અને તે બંનેને ઉપયોગી છે, શિક્ષકને નોંધ કાઢવાની મહેનત બચે છે, અને વિદ્યાર્થીને શિક્ષકની મદદ વિના ભૂગોળનું જ્ઞાન મળી શકે તેમ છે, એકંદરે આપનો પ્રયાસ જનસમુહને ઘણો આદરણીય અને ઉપયોગી થઇ પડવાનો છે"

કિંમત ત્રણ આના.

પ્રસ્તાવના

ગુજરાતી પ્રાથમિક શાળાના ત્રીજા ધોરણમાં "જિલ્લા અથવા એજન્સિની ભૂતળ અને રાજકીય ભૂગોળ, ઉદ્યોગ, સ્થળ વચ્ચેનાં વ્યવહારનાં સાધનો વગેરે સાથે ગુજરાતની સામાન્ય ભૂગોળ શીખવવાનું સરકારી કેળવણી ખાતાએ ઠરાવ્યું છે." તે મુજબ આ બુકમાં નમુના રૂપે સુરત જિલ્લો અને સુરત એજન્સિની પસંદગી કરવામાં આવી છે. જિલ્લાની ભૂતળ અને રાજકીય ભૂગોળની સાથે ઔદ્યોગિક ભૂગોળ, સ્થળો વચ્ચેનાં વ્યવહારનાં સાધનોનું આ બુકમાં માર્ગદર્શક વિવેચન કરવામાં આવ્યું છે. જેથી મને ખાતરી છે, કે ભૂગોળના શિક્ષણમાં બાળકો પર પડતો ગોખણનો નિરસ અને નિષ્ફળ બોજો દૂર થઇ તેમની કલ્પનાશક્તિ કેળવાશે; તેમજ કાર્ય કારણનો સંબંધ જાણી તે ઉપરથી યોગ્ય અનુમાનો તારવવાની શક્તિ કેળવાશે. જેથી આગળ જતાં બીજા દેશો અને ખંડોની ભૂગોળનું શિક્ષણ ગ્રહણ કરવામાં મુકાબલો કરવાનું બાળકોને અનુકૂળ થઇ પડશે અને તેથી તેઓ આ વિષયના શિક્ષણમાં રસ લેતા થશે એજ. તા. ૧૫–૬–૧૫.

લી० સેવક,

શાહપોર } છગનલાલ મોતીરામ શાહ.
સુરત. } "મુખગણિત શિક્ષક" વગેરેના કર્તા.

સુરત જિલ્લાના "ભૂગોળ શિક્ષક" ની

અનુક્રમણિકા.

(૧) જિલ્લાનું સામાન્ય વર્ણન. (૨) ઇતિહાસ. (૩) સીમા. (૪) વિસ્તાર. (૫) ભાગ. (૬) ઉચાણ. (૭) ડુંગર. (૮) ખનીજ. (૯) નદીઓ. (૧૦) ખાડીઓ. (૧૧) જંગલો. (૧૨) વરસાદ (૧૩) આબોહવા. (૧૪) વનસ્પતિ. (૧૫) જનાવરો. (૧૬) વસ્તી. (૧૭) ધર્મ. (૧૮) ભાષા (૧૯) ધંધો. (૨૦) હુન્નર. (૨૧) જમીન. (૨૨) ખેતીની પેદાશ. (૨૩) નિકાસ. (૨૪) આયાત. (૨૫) વ્યવહારના માર્ગો. (૨૬) રેલવે. (૨૭) જંકશન. (૨૮) પાકી સડક. (૨૯) બંદરો. (૩૦) જાત્રાનાં ઠેકાણાં. (૩૧) હવા ખાવાનાં ઠેકાણાં. (૩૨) બાગાયતી ગામો. (૩૩) પ્રખ્યાત સ્થળો. (૩૪) રાજરીતિ. (૩૫) રાજકીય વિભાગો, ચોર્યાસી; ઓલપાડ; માંડવી; બારડોલી; જલાલપોર, ચીખલી; વલસાડ અને પારડી તાલુકાનું સવિસ્તર વર્ણન. (૩૬) સુરત એજન્સીના સચીન, વાંસદા, ધરમપુર, અને ડાંગના રાજ્યનું વર્ણન; પુનરાવર્તનના પરીક્ષક પ્રશ્નો.

સુરત જિલ્લાના "ભૂગોળ શિક્ષક" માટે

—: અભિપ્રાય. :—

"ત્રીજા ધોરણનાં છોકરાંને જોઇએ તે ઉપર નજર રાખીને આ નાનાં પુસ્તકમાં (સુરત જિલ્લાના ભૂગોળ શિક્ષકમાં) હકીકત સારી ભેગી કરી છે, અને તેમને અનુકૂળ થાય એવી સરળ ભાષામાં વર્ણન કર્યું છે.

વડોદરા તા. ૮-૭-૧૯૧૫. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા.

છગનલાલ મોતીરામ શાહ કૃત.

સુરત જિલ્લાનો "ભૂગોળ શિક્ષક"

(૧) સામાન્ય વર્ણન.

છોકરાંઓ બીજા ધોરણમાં પોતાના તાલુકાની ભૂગોળ શીખી ગયા છે. નજીકના બધા મળી આઠ તાલુકા છે. **ચોર્યાસી તાલુકાની** ઉત્તરમાં જઇએ તો **ઓરપાડ તાલુકો** આવે, ઓરપાડ તાલુકાની પૂર્વમાં ગાયકવાડનું રાજ્ય આવેલું છે, તે મૂકીને પૂર્વમાં જઈએ તો **માંડવી તાલુકો** આવે. માંડવી તાલુકાની દક્ષિણમાં **બારડોલી તાલુકો** આવેલો છે. ચોર્યાસી તાલુકાની દક્ષિણમાં ગાયકવાડનું રાજ્ય આવેલું છે, તે મૂકીને દક્ષિણે જઇએ તો **જલાલપોર તાલુકો** આવે. જલાલપોર તાલુકાની દક્ષિણમાં **વલસાડ** અને **ચીખલી તાલુકા** આવેલા છે. વલસાડ તાલુકાની દક્ષિણમાં **પારડી તાલુકો** આવેલો છે. ચોર્યાસી તાલુકાના ઉપરી જેમ મામલતદાર છે, તેમ આ બધા તાલુકાના ઉપરી પણ મામલતદાર છે. એ બધા મામલતદારોના ઉપરી કલેકટર સાહેબ છે, તે સુરતમાં રહે છે.

આ આઠ તાલુકા ઉપરાંત તેમની પાડોશમાં દેશી રાજ્યો આવેલાં છે. ચીખલી તાલુકાની પૂર્વમાં **વાંસદાનું સંસ્થાન** છે. અને વલસાડ તાલુકાની પૂર્વમાં **ધરમપુરનું રાજ્ય** આવેલું છે. વાંસદા સંસ્થાનની પૂર્વમાં **ડાંગનું રાજ્ય** આવેલું છે, અને ચોર્યાસી તાલુકામાં **સચીનનું રાજ્ય** આવેલું છે. એ ચારે નાનાં દેશી રાજ્યોના સમૂહપર દેખરેખ રાખવાને સરકાર તરફથી ***પોલિટિકલ એજંટ** રહે છે, અને તેમના

---

* દેશી રાજ્યો પર દેખરેખ રાખનાર સરકાર તરફનો અમલદાર.

તાબાને મુલકને સુરત +એજન્સિ કહે છે. આ એજન્સિના પોલિ-ટિકલ એજંટ સુરત જિલ્લાના કલેકટર સાહેબ છે.

કલેકટર સાહેબના તાબાના મુલકને ×"જિલ્લો" કહે છે. આ જિલ્લાનું નામ સુરત શહેર પરથી સુરત જિલ્લો પડ્યું છે.

ચોર્યાસી તાલુકાની દક્ષિણ અને પૂર્વમાં, ઓરપાડ તાલુકાની પૂર્વમાં, માંડવી અને બારડોલી તાલુકાની પશ્ચિમમાં, અને ચીખલી તાલુકાના વાયવ્ય કોણમાં ગાયકવાડી રાજ્ય આવેલું છે; પણ તે સુરત જિલ્લાના કલેકટર સાહેબને તાબે નથી.

(૨) ઇતિહાસ:—ઉત્તરે કીમ નદીથી દક્ષિણે દમણગંગા, અને પશ્ચિમે અરબી સમુદ્રથી પૂર્વે રાજપીપળા, ખાનદેશ, વાંસદા ને ધરમપુર સુધીનો મુલક સુરત અઠ્ઠાવીસી નામે પ્રસિદ્ધ હતો. એમાંનો આશરે અડધો ભાગ હાલ ગાયકવાડના તાબામાં છે, અને બાકીનો અડધો ભાગ સુરત શહેર પરથી સુરત જિલ્લો કહેવાય છે.

સુરત જિલ્લો ગુજરાતની છેક દક્ષિણમાં કીમ અને દમણગંગા નદીની વચ્ચે આવેલો છે. સુરત જિલ્લાને કીમ નદી ભરૂચ જિલ્લાથી અને દમણગંગા નદી થાણા જિલ્લાથી જુદો પાડે છે.

(૩) સીમા:—ઉત્તરે—કીમ નદી ને તેની પેલી મેર ભરૂચ જિલ્લો તથા ગાયકવાડનો મુલક; **પૂર્વે**—રાજપીપળા, ગાયકવાડ, વાંસદા અને ધરમપુરનાં દેશી રાજ્યો; **દક્ષિણે**—દમણગંગા નદી ને થાણા જિલ્લો; **પશ્ચિમે**—અરબી સમુદ્ર.

(૪) વિસ્તાર:—ચોર્યાસી તાલુકાથી લગભગ સોળ ગણો છે.

+ નાનાં દેશી રાજ્યનો જથો. × ઘણા તાલુકા મળીને થએલા કલેકટરના તાબાનો મુલક.

એટલે એનું ક્ષેત્રફળ ૧૬૫૩ ચોરસ માઇલ છે. ઉત્તર દક્ષિણ લંબાઇ ૮૦ માઇલ છે, અને પૂર્વ પશ્ચિમ પહોળાઇ ઉત્તરમાં ૬૦ માઇલ અને દક્ષિણમાં ૧૫ માઇલ છે.

(૫) **ભાગ:**—સુરત જિલ્લો ત્રણ કકડે વહેંચાયેલો છે. (૧) ચોર્યાસી ને ઓરપાડ તાલુકો. (૨) માંડવી ને બારડોલી તાલુકો. (૩) જલાલપોર, ચીખલી, વલસાડ અને પારડી તાલુકો.

(૬) **ઉંચાણ**—સુરત જિલ્લાની નદીઓનો ઢાળ પૂર્વથી પશ્ચિમનો છે. તેથી માંડવી, બારડોલી અને ચીખલી તાલુકાની જમીન દરીઆ કિનારે આવેલા ઓરપાડ, ચોર્યાસી, જલાલપોર, વલસાડ અને પારડી તાલુકા કરતાં ઉંચી છે.

(૭) ***ડુંગરો:**—પારનેરા ને ÷ડુંગરી.

(૮) **+ખનીજ:**—નદીઓના મુખ આગળથી રેતી અને કાંકરા; ડુંગરમાંથી સડક બાંધવાના પથરા; અને માંડવી તાલુકામાં અકીકના પત્થર નીકળે છે; છરવાડામાં અને વલસાડ પાસે ધરાસણામાં મીઠું પકવે છે.

(૯) **નદીઓ:**—સુરત જિલ્લાની બધી નદીઓ પૂર્વથી પશ્ચિમમાં વહે છે. તેથી સુરત જિલ્લાનો ઢાળ પૂર્વથી પશ્ચિમનો છે.

(૧) **તાપી:**—(×૪૫૦) સાતપુડા પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર માંડવી, કડોદ, બહુધાન, ફુલપાડા, અમરોલી, ઉતરાણ, રાંદેર, સુરત ને ઉમરા છે.

---

* જમીન વધીને ઉંચી થઇ હોય તેને ટેકરો કહે છે. ઉંચા ટેકરાને ડુંગરી કહે છે, અને મોટી ડુંગરીને ડુંગર કહે છે. ÷સાત નાના ડુંગરો પરથી એ નામ પડયું. +ખાણમાંથી નીકળતો પદાર્થ.

× નદીની જમણી તરફના આંકડા નદીની લંબાઇના છે. તે નદીઓની સરખામણી કરવા આપેલા છે, ગોખવાના નથી.

(૨) **મિંઢોળા**:—(૪૦) ખાનદેશ અને સુરત જિલ્લાની વચ્ચેના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર બારડોલી, કછોલી, લાછપોર ને ઉંબેર છે.

(૩) **પૂર્ણા**:—(૪૦) ડાંગના જંગલના પૂર્વ ભાગમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર બુહારી, નવસારી ને જલાલપોર છે.

(૪) **અંબિકા**:—(૪૦) ડાંગના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર ઉનાઇ, મટવાડ, કછોલી ને બીલીમોરા છે.

(૫) **ઔરંગા**:—(૧૨) ધરમપુરના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે, એના પર વલસાડ ને કોસંબા છે.

(૬) **પાર**:—(૨૦) પૂર્વના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એના પર પારડી, હરીઆ, મગોદ, ને ઉમરસાડી છે.

(૭) **કોલક**:—(૧૫) પૂર્વના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એના પર ટુકવાડા, બગવાડા ને કોલક છે

(૮) **દમણગંગા**:—(૧૫) પૂર્વના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એના પર દમણ છે, એમાં ફીરંગીનું રાજ છે

(૯) **કીમ**:—(૭૦) રાજપીપળાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. એનાપર ઇલાવ ને કઠોદરા છે, એ બંને ગાયકવાડી છે.

(૧૦) **કાવેરી**:—(૧૮) વાંસદાના ડુંગરમાંથી નીકળી અંબિકાને મળે છે. એનાપર દોણુજા, ચીખલી ને વાઘરેચ છે.

(૧૧) **ખરેરા**:—ધરમપુરના ડુંગરામાંથી નીકળી અંબિકાને મળે છે.

(૧૦) **ખાડીઓ**:—સેના, કનાઇ, કોથલ ને પરિઆળી.

(૧૧) **જંગલો**:—માંડવી તાલુકાનું હેડંબાવન, તથા વાંસદા, ડાંગ ને ધરમપુરના રાજ્યોનું જંગલ. એ જંગલોમાં વાઘ થાય છે. રીંછ માંડવીના જંગલમાંજ થાય છે.

(૧૨) વરસાદઃ—૩૮થી ૮૦ ઇંચ. વલસાડ, વાંસદા અને ધરમપોરના રાજ્યમાં ૮૦ ઇંચ અને પારડી તાલુકામાં ૧૦૦ ઇંચ વરસાદ પડે છે. દરીઆ કિનારે જેટલો વરસાદ પડે છે તેટલો જ્યાં જ્યાં જંગલો છે ત્યાં પણ પડે છે.

(૧૩) આબોહવા—સુરત જિલ્લો+ઉષ્ણકટિબંધમાં આવેલો છે, છતાં દરીઆ કિનારાના તાલુકામાં અંદરના તાલુકા કરતાં તાપ ઓછો પડે છે. પૂર્વ તરફના તાલુકામાં શિઆળામાં ઠંડી અને ઉનાળામાં તાપ વધારે પડે છે. માંડવી તાલુકામાં અને પારડી તાલુકાની પૂર્વમાં જંગલો હોવાથી એ બે તાલુકાનાં હવાપાણી સારાં નથી.

(૧૪) વનસ્પતિઃ—ખજુરાં, તાડ, આંબા, આમલી, વડ, લીમડા, પીપળા, જાંબુડા, બાવળ, સુખડ, અનનાસ અને ફણસનાં ઝાડો. જંગલની પેદાશમાં સાગ, સીસમ, ખેર, વાંસ, ને મધ છે.

ખજુરાં ને તાડમાંથી તાડી નીકળે છે. જેટલી તાડી આ જિલ્લામાં વપરાય છે. તેટલી હિંદુસ્તાનમાં કોઇ ઠેકાણે વપરાતી નથી.

(૧૫) જનાવરોઃ—બળદ, ગાય, ભેંસ, ઘોડા, બકરાં, ઘેટાં, અને ગધેડાં. જંગલી જનાવરોમાં વાઘ, વરૂ, દીપડા, રીંછ, તરસ, શિઆળ, લોંકડી, સાબર, હરણ ને રોઝ છે. સઘળી નદીઓમાં માછલાં થાય છે. કોલક નદીનાં માછલાં વખણાય છે.

(૧૬) વસ્તીઃ—૬૭૪૩૨૧ માણસની છે, એટલે ચોર્યાસી તાલુકાથી ૪ ગણી છે. હિંદુની ૫૬૩૦૦૦; મુસલમાનની ૫૩૦૦૯; પારસીની ૧૨૧૫૬; જૈનની ૧૧૭૮૫. એ સિવાય ખ્રિસ્તી, કોળી, દુબળા; ગામતા, ચોધરા ને નાયકડા વગેરેની છે.

+ ઉષ્ણકટિબંધમાં સૂર્યનાં કિરણ સીધાં પડે છે, તેથી તાપ છે.

(૧૭) **ધર્મ**:—હિંદુ લોકો **હિંદુ ધર્મ** પાળે છે. તેમાં મુખ્ય શૈવ વૈષ્ણવ, સ્વામીનારાયણ ને કબીરપંથી છે

મુસલમાનો **મુસલમાની ધર્મ** પાળે છે, અને હઝરત પેગંબર સાહેબને માને છે. એમાં શીઆ અને સુન્ની એવા બે પંથ છે.

પારસીઓ **જરથોસ્તી ધર્મ** પાળે છે, અને અગ્નિને પૂજે છે.

અંગ્રેજ તથા દેશી ખ્રિસ્તી **ખ્રિસ્તી ધર્મ** પાળે છે, અને ઇસુ ખ્રિસ્તને માને છે.

શ્રાવક લોકો **જૈન ધર્મ** પાળે છે, ને તીર્થંકરને પૂજે છે, એમાં શ્વેતાંબર ને દિગંબર એવા બે પંથ છે.

(૧૮) **ભાષા**:—હિંદુ અને પારસીઓ **ગુજરાતી**, મુસલમાનો **ઉર્દુ**, અને અંગ્રેજ લોક **અંગ્રેજી** બોલે છે.

(૧૯) **ધંધો**:—મુખ્ય ધંધો **ખેતીનો** છે. કેટલાક **વેપાર** ને **કારીગરી** કરે છે. કેટલાક **મજુરી** ને **નોકરી** કરે છે. માછી અને ખારવા ખલાસીનું કામ કરે છે.

(૨૦) **હુન્નર**:—રેશમનો ને ખરો ખોટો કસબ વણવાનો; જરીના ભરતકામનો; લાકડાં, સુખડ અને હાથીદાંત પર કોતરકામનો; હીંગળોક રસકપુર ને મીઠું પકવવાનો.

(૨૧) **જમીન**:—કાળી, ગોરાટ અને ×બેસર એ ત્રણ જાતની છે. કાળી જમીનમાં કપાસ, ઘઉં, ડાંગર ને જુવાર સારાં થાય છે. જમીન બહુ રસાળ છે. થોડી મહેનતે ઘણો પાક થાય છે, તેથી લોકો શરીરે મજબુત નથી, પણ દરીઆ પાસે હોવાથી સાહસિક છે.

(૨૨) **ખેતીની પેદાશ**:—ડાંગર, જુવાર, કપાસ, ઘઉં, કોદરા, નાગલી, કઠોળ, સુરણ, બટાકા, રતાળુ, આદુ, શેરડી ને કેળાં. **ડાંગર**—

× કાળી ને ગોરાટના ગુણવાળી,

બારડોલી, *જલાલપોર, ચીખલી, વલસાડ ને પારડીમાં. **જુવાર**–ચોર્યાસી, ઓરપાડ, માંડવી, બારડોલી ને જલાલપોરમાં. **કપાસ**—ઓરપાડ, માંડવી, બારડોલી ને જલાલપોરમાં. **કોદરા ને નાગલી**–માંડવી, ચીખલી, વલસાડ, ને પારડીમાં. **શેરડી**–વલસાડ, બારડોલી, જલાલપોર, ચીખલી ને પારડીમાં. **ઘઉં**–ઓરપાડમાં.

(૨૩) +નિકાસ–રૂ, અનાજ, તુવેરની દાળ, મહુડા, ગોળ, સાગ, વાંસ, ચીટ, રેશમી કાપડ, લુંગી, જરીકામ ને કીનખાબ.

(૨૪)×આયાત:–નાળિએર, દોરડાં, સોપારી, તમાકુ, પત્થર, લોઢાનો સામાન, ફરનીચર, કાચ, દારૂ, કોયલા, ખાંડ અને વિલાયતી કાપડ.

(૨૫) વ્યવહારના માર્ગો:—(૧) રેલવે માર્ગ. (૨) પાકી ને કાચી સડકનો માર્ગ. (૩) દરીઆ કે નદીનો માર્ગ. **રેલવે**–(૧) બોમ્બે બરોડા એન્ડ સેંટ્રલ ઈંડિઆ રેલવે. (બી. બી. એન્ડ સી. આઇ રેલવે.) (૨) ટાપ્ટી વ્હેલી રેલવે. (૩) બીલીમોરા કાલાઆંબા રેલવે.

(૨૬) રેલવે:—(૧) **બોમ્બે, બરોડા એન્ડ સેંટ્રલ ઈન્ડિઆ રેલવેના** ઉત્તરથી દક્ષિણનાં સ્ટેશનો–કીમ, સાયણ, ઉતરાણ, સુરત, ઉધના, સચીન, મરોલી, નવસારી, વેડછા, અમલસાડ, બીલીમોરા, ડુંગરી, વલસાડ, પારડી, ઉદવાડા, દમણ.

(૨) **ટાપ્ટીવ્હેલીના** પશ્ચિમથી પૂર્વનાં સ્ટેશનો–ઉધના, નીઓળ, ચલથાણ, મંગાધરા, બારડોલી, ટીંબરવા, મઢી.

(૩) **બીલીમોરા કાલાઆંબા રેલવેનાં** પશ્ચિમથી પૂર્વનાં સ્ટેશનો–બીલીમોરા, ગણદેવી, કાલવચ, ચીખલી, રાનકુવા, ધોલીકુવા, અનાવલ ને ઉનાઇ.

---

* જગા નકશામાં બતાવવી. + બહાર ગામ જતો માલ.

×બહારગામથી આવતો માલ.

(૨૭) + જંકશન—ઉધના, બીલીમોરા.

(૨૮) પાકી સડક—સુરતથી ઓરપાડ થઇ હાંસોટ જવાની; સુરતથી દાંડી જવાની; સુરતથી નવસારી અને ચીખલી જવાની; કીમથી તડકેશ્વર થઇ માંડવી જવાની; માંડવીથી દેવગઢ જવાની; બીલીમોરાથી ચીખલી થઇ વાંસદા જવાની; વલસાડથી ધરમપુર જવાની.

(૨૯) ×બંદરો:—ભગવા, દાંડી, સુહાલી, સુરત, નવસારી, બીલીમોરા, વલસાડ, ઉમરસાડી, કોલક. એમાં સુરત, બીલીમોરા ને વલસાડ મુખ્ય છે.

(૩૦) જાત્રાનાં ઠેકાણાં:-હિંદુનાં-અશ્વિનીકુમાર, ઉમરા, ભીમપોર, મોરા, સરસ, સ્યાદલા, કેદારનાથ, કુંતા ને બહુધાન. પારસીનું-ઉદવાડા.

(૩૧) હવાખાવાનાં ઠેકાણાં—હજીરા (હ૩), ડુમસ, ભીમપોર ને તીથલ.

(૩૨) આગાયતી ગામો:—કતારગામ, અડાજણ, બાઠા, પાલ, વરાછા, અમલસાડ, વલસાડ, ધમડાછા, કછોલી, હરીઆ, પીપલગભાણ.

(૩૩) પ્રખ્યાત *સ્થળો-સુરત, રાંદેર, સચીન, ડુમસ, ભીમપોર, ઓરપાડ, સુંહાલી, હજીરા, મોરા, સરસ, માંડવી, તડકેશ્વર, બહુધાન, બારડોલી, કડોદ, વાલોડ, જલાલપોર, નવસારી, બીલીમોરા, અમલસાડ, સીસોદરા, ચીખલી, ખેરગામ, વલસાડ, તીથલ, પારડી, બાલદા, બગવાડા, કુંતા, ઉદવાડા, કોલક, ઉમરસાડી, ઉનાઇ, વાંસદા ને ધરમપુર.

+જ્યાં આગગાડીના રસ્તા મળે છે તે. ×નદી કે દરીઆ કાંઠે આવેલું ગામ કે જ્યાંથી ઘણો માલ વહાણ મારાફતે આવ જા થતો હો તે. *વિશેષ હકીકત રાજકીય વિભાગોમાં જુઓ.

જિલ્લામાંના મુખ્ય ખાતાં, અધિકારીઓ અને તેમનાં કામકાજ.

(૩૪) **રાજરીતિ**—જિલ્લાગાં અંગ્રેજ સરકારે પોતાના રાજ્યનો વહીવટ ચલાવવા માટે નીચે પ્રમાણે જુદાં જુદાં ખાતાં સ્થાપ્યાં છે, અને તેના અધિકારીઓ નીમ્યા છે.

(૧) **મહેસુલી ખાતું**—જિલ્લાનો કારભાર કરનાર મુખ્ય અમલદાર કલેકટર સાહેબ છે. એમને મદદ કરવા આસિસ્ટંટ કલેકટરો, ડેપ્યુટિ કલેકટરો, એક ડિસ્ટ્રીક્ટ ડેપ્યુટિ કલેકટર અને એક હજુર ડેપ્યુટિ કલેકટર હોય છે. દરેક તાલુકામાં તેમને મદદ કરવાને મામલતદાર રાખેલા હોય છે. એ બધા અમલદારો જમીનનું મહેસુલ ઉઘરાવે છે, અને ફોજદારી નાના ગુનાઓના ઇન્સાફ કરે છે. જ્યારે ફોજદારી ગુનાનો ઇન્સાફ કરે છે ત્યારે તેઓ માજિસ્ટ્રેટ કહેવાય છે.

(૨) **ન્યાય ખાતું**—લેણદેણ સંબંધી તથા મોટા ફોજદારી ગુના જેવા કે ચોરી, ખૂન, લૂટફાટ, વગેરેનો ઇન્સાફ કરવાને જિલ્લામાં ન્યાય-ખાતાના મુખ્ય અમલદાર **ડિસ્ટ્રીક્ટ જડજ–સેશન્સ જડજ** છે. એમના હાથ નીચે ચાર મુન્સફો છે. સુરતમાં એક સેસન્સ જડજ–ડિસ્ટ્રિક્ટ જડજ, અને બે મુન્સફો છે. ઓરપાડ અને વલસાડમાં એક મુન્સફ છે.

(૩) **પોલીસખાતું**—ગુના થતા અટકાવવાનું તથા ગુનેગારોને પકડી તેઓનો ઇન્સાફ કરાવવા માજિસ્ટ્રેટ આગળ રજુ કરવાનું કામ કરે છે. એ ખાતાના જિલ્લાના મુખ્ય અમલદાર **પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ** છે. એમને મદદ કરવા ડેપ્યુટી પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ, પોલીસ ઇન્સ્પેકટરો અને સબ ઇન્સ્પેકટરો હોય છે.

(૪) **બાંધકામ ખાતું**—સરકારી મકાનો, પુલો વગેરે બાંધવાનું તથા સમારવાનું કામ કરે છે. જિલ્લામાં બાંધકામ ખાતાના મુખ્ય અમલદાર **એક્ઝિક્યુટિવ એંજીનીઅર** છે. એમની મદદમાં તાલુકાઓમાં ઓવરસીઅરો હોય છે.

(૫) **દવાખાતું**—સરકારી નોકરો, તથા ગરીબોને દવા કરવાનું કામ કરે છે. જિલ્લાના મુખ્ય શહેરમાં એક મોટી હોસ્પિટાલ હોય છે, તેના ઉપરી **સિવિલસર્જન** છે. એમના હાથ નીચે આસિસ્ટંટ સર્જન અને હોસ્પિટાલ આસિસ્ટંટો રાખેલા હોય છે. સુરતમાં બે, રાંદેર, ઓરપાડ, માંડવી, બારડોલી, કાલીઆવાડી, ચીખલી, ખેરગામ, વલસાડ ને પારડીમાં એક હોસ્પિટાલ છે.

(૬) **કેળવણીખાતું**—જિલ્લાની પ્રજાની કેળવણી પર દેખરેખ રાખવાનું કામ કરે છે. જિલ્લામાં કેળવણી ખાતાના મુખ્ય અમલદાર **ડેપ્યુટિ એજ્યુકેશનલ ઇન્સ્પેકટર** હોય છે. એમના તાબામાં દરેક તાલુકામાં આસિસ્ટંટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર હોય છે. એ સઘળાઓ નિશાળોની પરીક્ષા લે છે, અને દેખરેખ રાખે છે.

(૭) **પોસ્ટખાતું**—સરકારી તથા ખાનગી કાગળો; પારસલો; રજિષ્ટરો; રૂપીઆ વગેરે લાવવા લઇ જવાનું કામ કરે છે. દરેક મોટા ગામોમાં પોસ્ટ ઓફિસો હોય છે. જિલ્લાના મુખ્ય શહેરમાં મોટી પોસ્ટઓફિસ હોય છે. તેના ઉપરી **હેડ પોસ્ટ માસ્તર** કહેવાય છે.

(૮) **આબકારીખાતું**—કેફી ચીજો સરકારની પરવાનગી વગર રોપનાર અથવા વેચનારને પકડી શિક્ષાને માટે માજિસ્ટ્રેટ આગળ રજુ કરવાનું કામ કરે છે. એ ખાતાના જિલ્લામાં મુખ્ય અમલદાર **આબકારી ઇન્સ્પેકટર** છે.

(૯) **કસ્ટમખાતું**—જળમાર્ગે આવતી ચીજોપર જગાત લેવાનું કામ કરે છે. એ ખાતાના જિલ્લામાં મુખ્ય અમલદાર **કસ્ટમ કલેકટર** છે.

(૧૦) **જંગલખાતું**—જંગલો પર દેખરેખ રાખવાનું કામ કરે છે. એ ખાતાના જિલ્લામાં મુખ્ય અમલદાર **ફોરેસ્ટ ઓફીસર** છે.

(૧૧) **મ્યુનિસિપાલખાતું**—શહેર તથા કસ્બાઓને સાફ રાખવાનું; પાણી પુરું પાડવાનું, પ્રાથમિક કેળવણી આપવાનું; સડકો પર પાણી છાંટવાનું અને રાતે દીવા કરવાનું વગેરે કામ કરે છે. એના ઉપરી પ્રેસિડંટ છે. તેમને મદદ કરવાને કૌંસિલરો, મ્યુનિસિપલ ચીફઓફિસર, સેક્રેટરી વગેરે હોય છે. સુરત, રાંદેર, માંડવી ને વલસાડમાં મ્યુનિસિપાલિટિ છે.

ઉપર સિવાય જિલ્લામાં તાર ખાતું, રેલવે ખાતું, મીઠા ખાતું; સર્વેખાતું, વગેરે ખાતાં હોય છે. અને એ દરેક ખાતાના ઉપરી અમલદારો જુદા જુદા હોય છે.

(૩૫) **રાજકીય વિભાગો:**—સુરત જિલ્લાના આઠ તાલુકા પાડેલા છે. તેનાં નામ નીચે પ્રમાણે છેઃ—

(૧) ચોર્યાસી. (૨) ઓરપાડ. (૩) માંડવી. (૪) બારડોલી. (૫) જલાલપોર. (૬) ચીખલી. (૭) વલસાડ. (૮) પારડી.

(૧) *ચોર્યાસી તાલુકો.

આ તાલુકામાં ચોર્યાસી ગામ હતાં તેથી એ નામ પડ્યું છે.

સીમાઃ—**ઉત્તરે**—ઓરપાડ તાલુકો ને તાપી નદી; **પૂર્વે**—ગાયકવાડનું રાજ્ય; **દક્ષિણે**—ગાયકવાડનું રાજ્ય ને મિંઢોળા નદી; **પશ્ચિમે**—અરબી સમુદ્ર તથા ઓરપાડ તાલુકો છે.

---

* વિશેષ હકીકત **સુરત શહેર તથા ચોર્યાસી** તાલુકાના "ભૂગોળ શિક્ષક" જેની કિંમત ત્રણ આના છે, તેમાં જુઓ.

નદી—તાપી ને મિંઢોળા. ×**વસ્તી**—૧ ૭૫ ૧ ૧૪ માણસની છે. સુરત શહેરની વસ્તી બાદ કરતાં તાલુકાની વસ્તી ૫૦ ૦ ૦૦ માણસની છે.

મુખ્ય ગામો—+**સુરત** (૧,૧૯,૨૯૯) તાપી નદીના ડાબા કાંઠા પર જિલ્લાનું મુખ્ય શહેર ને બંદર છે. બરફી, પાપડી, જમણ, કીનખાબ, જરીકામ, હાથીદાંત ને સુખડના કોતરકામને માટે પ્રખ્યાત છે. **રાંદેર** (૧૦ ૫ ૦૦) તાપી નદીના જમણા કાંઠાપર કસ્બો છે. એમાં સુન્ની વહોરાની વસ્તી વધારે છે. **કતારગામ**—કંતારેશ્વર મહાદેવના દહેરાને માટે તથા પાપડીને માટે પ્રખ્યાત છે. **ભાઠા, કુંભારીઆ. ઉમરા**—એમાં રામનાથ ઘેલાની જાત્રા ભરાય છે. **અમરોલી**—પહેલ વહેલી રેલવે અહીં સુધી થઈ હતી. **કોસાડ. વરાછા**—અહીં પાણીની ટાંકી છે. અહીં સુખડનાં ઝાડ થાય છે. **ફુલપાડા**-એ જાત્રાનું સ્થળ છે, અહીં હિંદુ લોકો મુડદાં દાટે છે તથા બાળે છે. **ભીમપોર** ને **ડુમસ**-એ સચીનના નવાબના તાબામાં છે. એ બે હવા ખાવાનાં ઠેકાણાં છે. **સચીન**-એ નવાબ સાહેબની રાજધાનીનું મથક અને સ્ટેશન છે.

સ્ટેશન—ઉતરાણ, સુરત, ઉધના ને સચીન. [**પેદાશ**—ર ને જુવાર.

જાત્રાનાં ઠેકાણાં-કતારગામ, ઉમરા, અશ્વિનીકુમાર. ભીમપોર.

હવા ખાવાના ઠેકાણાં-ડુમસ, ભીમપોર.

વિશેષ હકીકત—આ તાલુકો બધા કરતાં નાનો છે. આ તાલુકાની દક્ષિણમાં ગાયકવાડી રાજ્યમાં મરોલી સ્ટેશન છે.

× વસ્તીના આંકડા ગોખાવવાના નથી. પોતાના તાલુકા કરતાં વસ્તી વધારે છે કે ઓછી તે જાણવા માટે છે.

+ વિશેષ હકીકત સુરત શહેરના ભૂગોળ શિક્ષકમાં જુઓ.

(૨) ઓરપાડ તાલુકો

સીમા—ઉત્તરે—કીમ નદી; દક્ષિણે–તાપી નદી ને ચોર્યાસી તાલુકો; પૂર્વે-ગાયકવાડનું રાજ્ય; પશ્ચિમે-ખંભાતનો અખાત છે.

નદી—કીમ ને તાપી. **ખાડી**—સેના ને તેના.

વસ્તી—૫૪૪૪૦ માણુસની છે.

મુખ્ય ગામો—ઓરપાડ-સેના ખાડી પર તાલુકાનું મુખ્ય ગામ છે. બંદેરથી ઓરપાડ સુધી પાકી સડક છે. કુડસદ. **ભગવા ને દાંડી**—એ બે બંદરો છે. **સુંહાલી**—સુરતથી પશ્ચિમે બાર માઇલ પર બંદર છે. અહીં અંગ્રેજ, વલંદા ને ફ્રેંચના વહાણો લંગરાતાં હતાં. **સરસ**—એમાં સિદ્ધનાથ મહાદેવની અને **મોરા**—એમાં કુવાની જાત્રા ભરાય છે. **હજીરો**—એ હવા ખાવાનું સ્થળ છે, અહીં દીવાદાંડી છે. ગામનું નામ ઢક છે. **કીમ ને સાયણ**—એમાં કપાસ લોઢવાનાં જીનો છે.

સ્ટેશન—કીમ ને સાયણ. [**પેદાશ**—ઘઉં, જુવાર ને કપાસ.

હવા ખાવાનું ઠેકાણું—હજીરો.

જાત્રાનાં ઠેકાણાં—સ્વાદલા, સરસ ને મોરા.

બંદરો-ભગવા, દાંડી, સુંહાલી.

વિશેષ હકીકત—આ તાલુકો બધા તાલુકા કરતાં મોટો છે. કાળી જમીન હોવા છતાં વરસાદ ઓછો પડે છે, તેથી ડાંગરનો પાક થતો નથી, અને ઘઉં તથા કપાસનો પાક થાય છે.

---

(૩) માંડવી તાલુકો

આ તાલુકાના ૭ ટપ્પા એટલે ભાગ કર્યા છે. માંડવી, બહુધાન, પાતલ, દેવગઢ, દઢવાડા, હવેલી અને બારગામ.

સીમા-**ઉત્તરે**-ગાયકવાડનું રાજ્ય; **દક્ષિણે**-તાપી નદી ને બારડોલી તાલુકો; **પૂર્વે**-રાજપીપળા સંસ્થાન; **પશ્ચિમે**-ગાયકવાડનું રાજ્ય છે.

નદી—તાપી અને એને મળનારી વ્રેહ. [**વસ્તી**—૫૧ ૩ ૬૦ માણુસની છે. **જાત્રાનું ઠેકાણું**—બહુધાન.

મુખ્ય ગામો—**માંડવી**-તાપી નદીપર તાલુકાનું મુખ્ય ગામ છે. એમાં મ્યુનિસિપાલિટિ ને હોસ્પીટલ છે. ***બહુધાન**—તાપી નદીપર જાત્રાનું સ્થળ છે. અહીં બાર વરસે જાત્રા ભરાય છે. **ધંટોલી** ને **તડકેશ્વર.**

પેદાશ—કોદરા, ડાંગર, જુવાર, રૂ ને દીવેલી.

વિશેષ હકીકત—માંડવી, ચીખલી, વલસાડ ને પારડીમાં ચોધરા ને નાયકાની વસ્તી છે, તેથી એ લોકો કોદરા ને નાગલી પકવે છે. જંગલને લીધે આ તાલુકાનાં હવા પાણી ખરાબ છે.

વરેલી ગામ આગળ તાપીને વ્રેહ નદી મળે છે. દેવગઢ તથા પાતલમાં ડુંગરો આવેલા છે, અહીંના જંગલમાં વાઘ ને રીંછ થાય છે. ચોમાસામાં અશ્વિનીકુમારથી બહુધાન સુધી નાની આગબોટ ફરે છે. નદી માર્ગે સુરત વાંસ જાય છે.

(૪) બારડોલી તાલુકો.

સીમા—**ઉત્તરે**—તાપી નદી ને માંડવી તાલુકો; **પૂર્વે**-ગાયકવાડનું રાજ્ય; **દક્ષિણે**-પૂર્ણા નદી, તે ગાયકવાડનું રાજ્ય છે ને જલાલપોર તાલુકો; **પશ્ચિમે**-ગાયકવાડનું રાજ્ય છે. [**વસ્તી**—૬૧૨૯૨.

નદીઓ—તાપી, મિંઢોળા, પૂર્ણા ને એને મળનારી જાંખરી.

મુખ્ય ગામો—**બારડોલી**-મિંઢોળા નદી પર તાલુકાનું મુખ્ય ગામ છે. કડોદ-તાપી નદી પર છે; એમાં ઇમારતી લાકડાનો વેપાર

* બહુધાન્ય ઉપરથી એ નામ પડયું.

ચાલે છે. **સરભોણ. વાલોડ**-જાંખરી નદી પર પેટામહાલ છે, એમાં ×મહાલકારી રહે છે. **મોતા, વરાડ. બુહારી**-પૂર્ણા નદી પર. **દેગામ. વાંકાનેર**-એમાં ભાત સારૂં પાકે છે. **કસવાવ.**

ટાપ્ટી વ્હેલી રેલવેનાં સ્ટેશન—બારડોલી, ટીંબરવા ને મઢી; નીઓળ, ચલથાણ, ગંગાધરા સ્ટેશનો ગાયકવાડી રાજ્યમાં છે.

પેદાશ—ડાંગર, જુવાર, કપાસ ને શેરડી.

વિશેષ હકીકત—મોતા આગળ સો ફુટ ઉંચો ડુંગર છે.

(૫) જલાલપોર તાલુકો.

આ તાલુકો પૂર્ણા અને અંબિકા નદીની વચ્ચે આવેલો છે.

સીમા—ઉત્તરે-પૂર્ણા નદી, ગાયકવાડનું રાજ્ય ને બારડોલી તાલુકો; **પૂર્વે**-ગાયકવાડનું રાજ્ય; **દક્ષિણે**-અંબિકા નદી ને ગણદેવી પરગણું; **પાશ્ચમે**-અરબી સમુદ્ર છે.

નદી—પૂર્ણા અને અંબિકા, એ બંને અરબી સમુદ્રને મળે છે.

ખાડી—કનાઇ ને પરીઆ. **વસ્તી**—૮૦,૦૦૦ માણસની છે.

મુખ્ય ગામો—જલાલપોર-પૂર્ણા નદીપર તાલુકાનું મુખ્ય ગામ છે. એની પૂર્વમાં ૦॥ માઇલ પર ગાયકવાડનો **નવસારી** કસ્બો છે, ત્યાંનો ગોળ વખણાય છે. **મટવાડ. કાલીઆવાડી**-એમાં હોસ્પિતાલ છે. **અબ્રામા, અમલસાડ, કછોલી, આટ, ખરસાડ, અષ્ટગામ, પનાર. સીસોદરા**-એમાં કપાસ લોઢવાનો સંચો છે.

સ્ટેશન—નવસારી, વેડછા ને અમલસાડ.

પેદાશ—જુવાર, ડાંગર, રૂ, તલ, શેરડી, પીપર, અનનાસ, ફણસ ને કેરી.

× મામલતદારથી ઉતરનો અમલદાર.

વિશેષ હકીકત—અમલસાડની આજુબાજુના ગામની જમીન આખા ગુજરાતમાં સૌથી વધારે રસાળ છે. આ તાલુકાની જમીન ઘણી રસાળ છે, તેથી આ તાલુકામાં વલસાડ તાલુકા સિવાય બીજા તાલુકા કરતાં વસ્તી વધારે છે, તથા મોટાં ગામો ઘણાં છે. આ તાલુકામાં કેરી, અનનાસ, ફણસ, કેળાં ને પીપર સારાં થાય છે.

આ તાલુકાની દક્ષિણે અને ચીખલી તાલુકાની પશ્ચિમે ગાયકવાડી ગણદેવી પરગણું આવેલું છે, ત્યાંનો ગોળ વખણાય છે. બીલીમોરા જંકશન અને ગણદેવી સ્ટેશન છે. વાસણ, કોથા ને વેડછા સચીનના નવાબ સાહેબને તાબે છે. હવાખાવાનું ઠેકાણું દાંડી છે.

(૬) ચીખલી તાલુકો.

સીમા—**ઉત્તરે**-અંબિકા નદી ને ગણદેવી પરગણું; **પૂર્વે**-વાંસદાનું રાજ્ય; **દક્ષિણે**-ધરમપુરનું રાજ્ય; **પશ્ચિમે**-ગણદેવી પરગણું ને વલસાડ તાલુકો છે.

નદી—અંબિકા અને એને મળનારી કાવેરી તથા ખરેરા.

વસ્તી—૬૩,૨૮૧ માણસની છે.

મુખ્ય ગામો--**ચીખલી**-કાવેરી નદીપર તાલુકાનું મુખ્ય ગામ છે. **દેગામ. ખેરગામ**-એમાં હોસ્પિટાલ છે. **આલીપોર ને ગણદેવા.**

કાલા આંબા રેલવેનાં સ્ટેશન—ચીખલી ને રાનકુવા.

પેદાશ—ડાંગર, કોદરા, દીવેલી ને શેરડી.

વિશેષ હકીકત—આ તાલુકાની પૂર્વ તરફ ગાયકવાડ, વાંસદા ને ધરમપુરના રાજ્યોની હદ મળે છે, ત્યાં આગળ વાંસદાની ઉત્તરે ૬ માઇલ પર અંબિકા નદીપર દેવકી ઉનાઇનો ઉના પાણીનો કુંડ છે અહીં દર વરસે ચૈત્ર સુદ પુનેમે જાત્રા ભરાય છે. ઉનાઈ સ્ટેશન છે.

(૭) વલસાડ તાલુકો.

આ તાલુકો અંબિકા ને પાર નદીની વચ્ચે આવેલો છે.

સીમા–**ઉત્તરે**–અંબિકા નદી ને ગણદેવી પરગણું; **પૂર્વે**–ચીખલી તાલુકો ને ધરમપુરનું રાજ્ય; **દક્ષિણે**–પાર નદી; **પશ્ચિમે**–અરબી સમુદ્ર.

ડુંગરો—ડુંગરી ને પારનેરા. પારનેરા પર માતાનું દહેરું છે.

નદી—અંબિકા, કાવેરી, ખરેરા, ઔરંગા ને પાર.

વસ્તી—૮૭૦૭૪ માણસની છે.

મુખ્ય ગામો—**વલસાડ**–કાવેરી નદીપર તાલુકાનું મુખ્ય ગામ તથા બંદર છે. આ બંદરેથી ઇમારતી ને બાવળના લાકડાં, અનાજ, ગોળ ને ઇંટ બહારગામ જાય છે. **છરવાડા**—એમાં મીઠું પકવે છે. **ભદેલી**, **માલવેણ**, **ઉંડાચ**, **બીગરી**. **કોસંબા**–એમાં દીવાદાંડી છે. **હરીઆ**.

સ્ટેશન—ડુંગરી ને વલસાડ

પેદાશઃ—ડાંગર, કોદરા, દીવેલી, નાગલી, ચણા, વાલ, કેરી ને કેળાં,

વિશેષ હકીકતઃ—વલસાડની પશ્ચિમમાં બે મૈલપર તીથલ હવાખાવાનું સ્થળ છે. ડુંગરી સ્ટેશનથી પશ્ચિમમાં એક ગાઉ ઉપર ધરાસણામાં મીઠું પકવે છે. આ તાલુકામાં પાલણ નામનું મોટું તળાવ છે, તેમાં કમળનાં ફૂલ, પોયણી ને શીંગોડાં પુષ્કળ થાય છે. અંબિકા અને ઔરંગા નદીના કાંઠા પરની જમીન વધારે રસાળ છે.

---

(૮) પારડી તાલુકો.

આ તાલુકો સુરત જિલ્લામાં સૌથી દક્ષિણમાં પાર ને દમણગંગા નદીની વચ્ચે આવેલો છે.

સીમા—ઉત્તરે—પાર નદી; **પૂર્વે**-ધરમપુરનું રાજ્ય; **દક્ષિણે**-દમણગંગા નદી; **પશ્ચિમે**-અરબી સમુદ્ર છે.

નદી—પાર, કોલક, ને દમણગંગા. એ ત્રણે અરબી સમુદ્રને મળે છે. કોલક નદીનાં માછલાં વખણાય છે.

ખાડી:—કોથલ. એ પાર ને કોલક નદીની વચ્ચે આવેલી છે.

વસ્તી:—૬૬૨૨૩ માણુસની વસ્તી છે.

મુખ્ય ગામો:—પારડી-પાર નદીપર તાલુકાનું મુખ્ય ગામ છે. **બગવાડા**-કોલક નદીપર છે, અહિં કિલ્લો છે. **કુંતા**-એમાં દર વરસે કુંતેશ્વર મહાદેવની જાત્રા ભરાય છે. **ઉદવાડા**-પારસીઓનું જાત્રાનું ઠેકાણું છે. **કોલક**-કોલક નદીપર બંદર છે. એના માછલાં વખણાય છે. **ઉમરસાડી**-પાર નદીપર બંદર છે. (દમણમાં ફીરંગીનું રાજ છે.)

સ્ટેશન:—પારડી, ઉદવાડા, ને દમણ.

જાત્રાનાં ઠેકાણાં:—કુંતા ને ઉદવાડા.

પેદાશ:—ડાંગર, કોદરા, દીવેલી, શેરડી, નાગલી, ચણા ને વાલ.

---

(૩૬) સુરત એજન્સિ.

સુરત જિલ્લાની પાસે આવેલાં સચીન, વાંસદા, ધરમપુર અને ડાંગનું રાજ્ય સુરત એજન્સિને નામે ઓળખાય છે. સુરત જિલ્લાના કલેકટર આ ચારે રાજ્યોના પોલિટિકલ એજંટ છે. આ એજન્સિનો વિસ્તાર સુરત જિલ્લા જેટલો છે, પણ વસ્તી સુરત જિલ્લાથી ત્રીજે ભાગે એટલે ૨,૮૦,૦૦૦ માણુસની છે. વાંસદા, ધરમપુર અને ડાંગના મુલકો જંગલથી ભરપુર છે. સચીન સંસ્થાનની જમીન સપાટ ને સરળ છે.

---

(૧) સચીનનું રાજ્ય.

આ રાજ્યનાં ગામો ચોર્યાસી તથા જલાલપોર તાલુકામાં છુટક છુટક આવેલાં છે. સચીનના નવાબ જંજીરાના નવાબના વંશના છે. વિસ્તાર ૬૨ ચોરસ માઇલ છે, ને વસ્તી ૨૧૦૦૦ માણસની છે.

મુખ્ય ગામો:—સચીન-એમાં નવાબ સાહેબનો મહેલ તથા તેમની કચેરી છે. એ રેલવે સ્ટેશન છે. **ભીમપોર** ને **ડુમસ** દરીઆ કિનારા પર હવા ખાવાનાં ઠેકાણાં છે. એમાં માછી ને ખારવાની વસ્તી છે. **લાછરસ**-એમાં મહેલ છે. **પેદાશ**—જુવાર, કપાસ, ડાંગર ને શેરડી.

(૨) વાંસદાનું રાજ્ય.

ચીખલી તાલુકાની પૂર્વમાં આવેલું છે. વિસ્તાર ૨૪૦ ચોરસ માઇલ છે. વસ્તી ૪૪ હજાર માણસની છે.

સીમા—ઉત્તરે—ગાયકવાડી રાજ્ય ને અંબિકા નદી; **પૂર્વે**—ગાયકવાડનું રાજ્ય ને ડાંગનું રાજ્ય; **દક્ષિણે**-ધરમપુરનું રાજ્ય ને નાશક જિલ્લો; **પશ્ચિમે**-ચીખલી તાલુકો છે.

નદી:—અંબિકા ને એને મળનારી કાવેરી.

મુખ્ય ગામો:—વાંસદા-(૫૦૦૦) બીલીમોરાથી પૂર્વે ૨૯ માઇલ પર રાજધાનીનું મથક છે. વાંસદાના રાજા સોલંકી રજપુત છે. **બીનાર** ને **કાંબળા** એ મોટાં ગામ છે.

પેદાશ:-નાગલી, કોદરા, મહુડા, ખજુરાં, ઈમારતી લાકડાં ને સીસમ.

(૩) ધરમપુરનું રાજ્ય.

આ રાજ્ય વાંસદાના રાજ્યની દક્ષિણે આવેલું છે. વિસ્તાર ૭૦૪ ચોરસ માઇલ છે, વસ્તી એક લાખ માણસની છે. કાળીપરજની વસ્તી વધારે છે. ડુંગરો ને જંગલો ઘણાં છે, તેથી હવા ખરાબ છે.

સીમા:—**ઉત્તરે**-ચીખલી તાલુકો ને વાંસદાનું રાજ્ય; **પૂર્વે**—પેંઠ ને સુરગણાનો મુલક; **દક્ષિણે**-પેંઠ, દમણ ને થાણા; **પશ્ચિમે**-વલસાડ ને પારડી તાલુકો છે.

નદી:—અંબિકા ઔરંગા, વાંકી, પાર, કોલક ને દમણગંગા.

મુખ્ય ગામો—**ધરમપુર (રામનગર)**-વલસાડથી પૂર્વે ૧૦ માઇલ પર રાજધાનીનું મથક છે. ધરમપુરના રાણા સીસોદીઆ રજપુત છે. **રૂથલા, આછાવણી** ને **ગોડથળ** મોટાં ગામ છે.

પેદાશ:—ભાત, નાગલી, ને ઈમારતી લાકડું.

(૪) ડાંગનું રાજ્ય.

એ સહ્યાદ્રિ પર્વતની પશ્ચિમે આવેલું છે. વિસ્તાર ૬૬૦ ચોરસ માઇલ છે, પણ વસ્તી સચીનના રાજ્યથી પોણી એટલે પંદર હજાર માણસની છે. ભીલની વસ્તી વધારે છે એનાપર ભીલ સરદારોનો અમલ છે. એમાં પર્વતો અને ખીણો છે, ને તેમાં ઘણે ઠેકાણે ઘાડાં જંગલો છે.

મુખ્ય ગામ:—**ડાંગ**-એ રાજધાનીનું મથક છે

પેદાશ:—જુવાર, બાજરી, બટાકા, ઘઉં ને સાગ.

પુનરાવર્તનના પરીક્ષક પ્રશ્નો.

૧. સુરત જિલ્લામાં આવેલાં બંદરો ગણાવો.

૨. સુરત જિલ્લામાં મોટામાં મોટો અને નાનામાં નાનો કયો તાલુકો છે ?

૩. જિલ્લામાં આવેલાં જાત્રાનાં ઠેકાણાં કહો.

૪. સુરત જિલ્લામાં જ્યારે રેલવે નહોતી ત્યારે વેપાર શી રીતે ચાલતો હશે ?

૫. જાત્રાથી શો લાભ ?

૬. ગામની હવા શહેરના કરતાં સારી હોવાનાં કારણો ગણાવો.

૭. સુરત જિલ્લાની પાસે કઈ એજન્સિ આવેલી છે? એ એજન્સિમાં કયાં કયાં રાજ્યો આવેલાં છે? અને તેમાં સૌથી મોટું રાજ્ય કયું છે?

૮. સુરત જિલ્લામાં જંગલો કયાં કયાં છે? ને તેમાં શી પેદાશ થાય છે?

૯. સુરત જિલ્લાના લોકો શરીરે મજબુત નથી તેનું કારણ શું?

૧૦. સુરત જિલ્લાની મુખ્ય નદીઓ ગણાવો.

૧૧. નીચેની જગાઓ શું છે? કયાં છે? શાને માટે પ્રખ્યાત છે? સુરત, ડુમસ, તીથલ, હજીરા, બહુધાન, બારડોલી, ખેરગામ, વલસાડ, ધરાસણા, ઉદવાડા, કડોદ, કુંતા, નવસારી.

૧૨. સુરત, બહુધાન, કોલક, દમણ, ચીખલી, ઓરપાડ, માંડવી, ઉનાઈ, કડોદ, વાલોડ, પારડી એ કઈ નદીપર છે?

૧૩. તાપી, મિંઢોળા, પૂર્ણા, અંબિકા, ઔરંગા, ને કીમ નદીપર આવેલાં ગામો ગણાવો.

૧૪. પૂર્વમાંથી પશ્ચિમમાં વહેનારી નદીઓ ગણાવો.

૧૫. તમે જે જિલ્લામાં રહો છો તેમાં કયા કયા તાલુકા છે? અને તે તાલુકાઓ તમારા તાલુકાથી કઈ દિશામાં છે?

૧૬. ઓરપાડ, માંડવી, બારડોલી, વાલોડ, જલાલપોર, નવસારી, બીલીમોરા, વલસાડ, વાંસદા, ઉનાઈ, ઉદવાડા, એ સુરતથી કઈ દિશામાં છે?

૧૭. પારસી લોકોનું જાત્રાનું ઠેકાણું કયું અને તે કયાં આવ્યું?

૧૮. સુરત જિલ્લાના કયા કયા તાલુકા દરિઆ કિનારે આવેલા છે?

૧૯. પારડી ને માંડવી તાલુકાની હવા સારી ન હોવાનું કારણ શું?

૨૦. સુરતથી ઉદવાડા જતાં કયાં કયાં સ્ટેશનો અને જંકશનો આવે તે અનુક્રમે ગણાવો.

૨૧. સુરત જિલ્લામાં કઇ કઇ રેલવે આવેલી છે?

૨૨. સુરત જિલ્લાના કયા તાલુકામાં રેલવે નથી? કયા કયા તાલુકામાં ડુંગરો છે?

૨૩. ઉમરસાડી બંદરેથી વહાણમાં બેસી દાંડી જતાં વચમાં કઇ કઇ નદીઓના મુખ તથા બંદરો આવે?

૨૪. તમે જે તાલુકામાં રહો છો તેમાં કયાં કયાં મોટાં ગામો, હવા ખાવાનાં ઠેકાણાં, જાત્રાનાં ઠેકાણાં, નદીઓ ને સ્ટેશન છે?

૨૫. માંડવી ને વરીઆવ, એ બેમાં કયું ગામ ઉંચી જગા પર છે? અને તે શા આધારે કહો છો.

૨૬. સુરત જિલ્લામાંથી કયા કયા ખનીજ પદાર્થ નીકળે છે?

૨૭. સુરત જિલ્લામાં કયો કયો પાક સારો થાય છે.

૨૮. સુરત કરતાં પારડીમાં વધારે વરસાદ પડવાનું કારણ શું?

૨૯. કાળી જમીનમાં કયો કયો પાક સારો થાય છે?

૩૦. સુરત જિલ્લાની નિકાસ તથા આયાત ગણાવો.

૩૧. સુરત જિલ્લામાં મુખ્ય કયાં કયાં ખાતાં છે ને તેના મુખ્ય અમલદાર કયા કયા?

૩૨. રાંદેર, તડકેશ્વર, બીલીમોરા, ચીખલી, ઓરપાડ, હજીરા, વલસાડ, માંડવી, તીથલ, જલાલપોર, અમલસાડ, કડોદ, નવસારી એ નકશામાં બતાવો અને બારડોલીથી કેટલે અંતરે છે તે ભરીને કહો. (સૂચના–સ્કેલની સમજ આપ્યા પછી આ પ્રશ્ન પૂછવો.)

૩૩. સુરત જિલ્લાના દરેક તાલુકાના મોટાં મોટાં બબ્બે ગામ અને નદીઓ લખો.

૩૪. તાપી, મિંઢોળા, પૂર્ણા, અંબિકા, એ નદી કયા કયા તાલુકામાં આવી છે.

૩૫. ચીખલી તાલુકાની પૂર્વમાં ક્યું દેશી રાજ્ય છે? ધરમપુરની ઉત્તરમાં ક્યું દેશી રાજ્ય છે?

૩૬. સુરત જિલ્લાના કયા કયા તાલુકામાં મુસલમાની રાજ્ય છે?

૩૭. તમારા જિલ્લાના કલેકટર, પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ, ડિસ્ટ્રિક્ટ જડજ, સિવિલ સર્જન, એક્ઝિક્યુટિવ ઇંજનેર, ડેપ્યુટિ એજ્યુકેશનલ ઇન્સ્પેકટરનાં નામ કહો.

૩૮. નાગલી ને કોદરાનો પાક ક્યા કયા તાલુકામાં થાય છે અને તે ઉપરથી તમે શું અનુમાન કરો છો.

૩૯. સુરત જિલ્લામાં દીવાદાંડી કયાં ક્યાં છે?

૪૦ કતારગામ, પારનેરા, ગણદેવી, ચીખલી, કડોદ, સરસ, જલાલપોર, દાંડી, સચીન, વાલોડ શું છે? કયાં છે? શાને માટે પ્રખ્યાત છે?

૪૧. પારડી તાલુકો દરીઆ કિનારે હોવા છતાં હવા સારી નથી તેનું કારણ સમજાવો.

૪૨. સુરત જિલ્લામાં મ્યુનિસિપાલિટી કયાં કયાં છે? હોસ્પિટાલો કેટલી છે અને તે કયા કયા ગામોમાં છે? મુન્સફની કચેરી કયાં કયાં છે?

૪૩. સુરત, વલસાડ ને બીલીમોરામાં વસ્તી વધારે હોવાનું કારણ શું?

૪૪. સુરતથી પાકી સડકને રસ્તે વાંસદા જવું હોય તો રસ્તામાં કયાં કયાં મોટાં ગામ આવે?

૪૫. કયા કયા તાલુકાની હવા તંદુરસ્ત છે?

૪૬. સુરત જિલ્લાના કલેકટર સાહેબને કયા કયા હોદ્દા છે?

૪૭. વલસાડ ને જલાલપોર તાલુકામાં વધારે વસ્તી હોવાનું કારણ શું?

૪૮. ઓરપાડ તાલુકામાં કાળી જમીન હોવા છતાં ડાંગર કેમ થતી નથી?

૪૯. નીચેની જગ્યાઓ નકશાના ખોખામાં પૂરો.

સુરત, ધરમપુર, જલાલપુર, રાંદેર, વાંસદા, નવસારી, સચીન, ઉનાઇ, બીલીમોરા, ડુમસ, ઉમરસાડી, અમલસાડ, બીમપોર, કોલક, સીસોદરા. ઓરપાડ, ચીખલી, સુંહાલી, ઉદવાડા, ખેરગામ, હજીરો. કુંતા, વાલોડ, મોરા, કડોદ, સરસ બારડોલી, તડકેશ્વર, બહુધાન, વલસાડ, તીથલ, મોતા.

૫૦. કાંઠાના લોકોનો મુખ્ય ધંધો કયો છે ?

૫૧. કામ સ્ટેશનથી આગગાડીમાં બેસી દમણ જતાં વચમાં કયા કયા સ્ટેશનો અને કઇ કઇ નદીઓ આવે તે અનુક્રમે ગણાવો.

૫૨. તમારા જિલ્લાના જે તાલુકામાં રેલવે નથી, તે તાલુકામાં જાત્રાનું સ્થળ કયું છે ?

૫૩. ઓરપાડથી ઉમરસાડી જવું હોય તો કયે રસ્તે જશો ?

૫૪. નકશામાં રેલવે ને પાકી સડક શી રીતે ઓળખાય ?

૫૫. નકશામાં નીચેની જગાઓ બતાવો.

સુરત, વલસાડ, માંડવી, જલાલપોર, ચીખલી. ઉદવાડા નવસારી, બહુધાન, ઓરપાડ, તડકેશ્વર, બીલીમોરા. ઉમરસાડી, સચીન, બારડોલી, કડોદ, અમલસાડ, તીથલ, હજીરો, કીમ, દમણ, કુંતા.

૫૬. દેવકી ઉનાઇના કુંડનું પાણી ઉનું શા કારણથી હશે ?

૫૭. સુરત જિલ્લામાં કયાંની જમીન વધારે રસાળ છે ?

૫૮. સુરત જિલ્લાના કયા કયા તાલુકામાં જુવાર થતી નથી ?

૫૯. સુરત જિલ્લામાં મીઠું કયાં કયાં પકવવામાં આવે છે ?

સમાપ્ત